# રખિયાલમાં ચૂડવેલના પ્રકોપથી ગ્રામજનોનું જીવન નર્કાગાર

## અનેક પરિવારો ચૂડવેલના ત્રાસથી હીજરત કરી ગયા : ઘર, દિવાલ, છત, રસ્તા જ્યાં જુઓ ત્યાં ચૂડવેલના ઢગલે ઢગલા





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

મોડાસા તાલુકાના રખિયાલ ગામે ચૂડવેલ જીવાતના પ્રકોપથી ગ્રામજનોનું જીવન નર્કાગાર બન્યું છે. ઘર, દિવાલ, છત અને જાહેર રસ્તા ઉપર ચૂડવેલના ઢગલા ફરી રહ્યા છે જેથી તોબાહ પોકારી અનેક પરિવારો ઘરને તાળાં મારી અન્ય જગ્યાએ હીજરત કરવા મજબૂર બન્યા છે. કેટલાક વિસ્તારોમાં તો જ્યાં નજર કરો ત્યાં ચૂડવેલનો પ્રકોપ જોવા મળતાં ઘરમાં રહેવું પ્રજા માટે મુશ્કેલ બની ગયું છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતાં અનેકવિધ સમસ્યાઓ ખેડૂતો અને પ્રજાને સતાવી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો ન હોવાના કારણે દર વર્ષે જોવા મળતા ચૂડવેલના ઉપદ્રવમાં આ વખતે અનેક ગણો વધારો થતાં પ્રજા ત્રાસી છે. તાલુકાના રખિયાલ ગામે કુદરતનો કોપ વરસ્યો હોય તે રીતે ચૂડવેલનો ઉપદ્રવ વધી ગયો છે. મોટાભાગના ફળીયાઓમાં પગ મૂકવાની જગ્યા ન મળે તે રીતે ઢગલામાં ચૂડવેલ ફરતી થતાં પ્રજા કમકમી ઉઠી છે. વાહનોનાં પૈડાં નીચે ચૂડવેલના ઢગલા કચડાયા પછી તિવ્ર દુર્ગંધથી રોગચાળો ફાટવાની પ્રજાને દહેશત સતાવી રહી છે. મકાનો અને દુકાનોમાં થપ્પે થપ્પા ચૂડવેલના લાગ્યા હોય તેવા દ્રશ્યો જ કમકમાટી ઉપજાવી રહ્યા છે. જીવાતનો ત્રાસ દૂર કરવા માટે પ્રજાજનો તમાકુ, છીંકણી તેમજ અન્ય રાસાયણિક દવાઓનો છંટકાવ કરતા હોવા છતાં પ્રકોપ શાંત થવાનું નામ લેતો નથી જેથી પ્રજા માટે ઘરમાં ભોજન જમવું તો ઠીક પરંતુ બનાવવું પણ મુશ્કેલ બની ગયું છે. ખાસ કરીને ડુંગરાળ વિસ્તાર નજીકના ફળીયાઓમાં આ ઉપદ્રવ વધુ ફેલાયો છે. જેના કારણે કેટલાક પરિવારો હવે ઘરને તાળાં મારી અન્ય જગ્યાએ રહેવા હીજરત કરી રહ્યા છે. દિવસભર આંગણાં અને જાહેર રસ્તાઓ ઉપરથી ચૂડવેલના ઢગલા સાવરણીથી દૂર કરવા છતાં પ્રજાને તેમાંથી મુક્તિ મળી નથી જેથી હવે ગ્રામજનો ચૂડવેલના ઉપદ્રવ પાછળ કુદરતનો પ્રકોપ હોવાની માન્યતા માની બાધા આખડીઓ રાખવા લાગ્યાં છે.

### મકાનને તાળાં, મહિલાની આંખમાં પાણી

બાયડ : તાલુકાના રખિયાલ ગામે ચૂડવેલનો ઉપદ્રવ અસહ્ય થતાં કેટલાક પરિવારો મકાનોને તાળાં મારી અન્ય જગ્યાએ રહેવા મજબૂર બન્યા છે. બે ટંક ભોજન જમવું હોય તો પણ પ્રજાને ખેતરમાં જઈ જમવાની ફરજ પડી છે. ઘરમાં રસોઈ બનાવવાથી માંડી અન્ય કામ કરવું મહિલાઓ માટે મુશ્કેલ બની જતાં કેટલીક મહિલાઓના આંખમાં ચૂડવેલનો ઉપદ્રવ પાણી લાવી રહ્યો છે ત્યારે જવાબદાર તંત્ર ગ્રામજનોને ચૂડવેલના ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટે કોઈ અસરકારક નુસ્ખો બતાવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# શ્રી એન. એચ.શાહ હાઈસ્કુલ-બાયડનું ગૌરવ

## એ-૧ ગ્રેડમાં ૨ વિદ્યાર્થીઓને સ્થાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા વેબસાઈટ ઉપર ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. બાયડની એન.એચ.શાહ હાઈસ્કુલનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે જેમાં શાળાના બે વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. શાળાની કુ.હેપ્પી




નવનીતભાઈ પટેલ (૬૧૪/૬૫૦)ગુણ મેળવી પ્રથમ સ્થાને, શિવાની બાબુભાઈ ઠાકરાણી(૬૦૧/૬૫૦)ગુણ મેળવી બીજા સ્થાને આવી હતી. શાળામાં એ-૨ ગ્રેડ સાથે ૬ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. શાળાના વિજ્ઞાન પ્રવાહના તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને બાયડ કેળવણી મંડળના અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલ, ચેરમેન મોતીભાઈ એચ. પટેલ, મંત્રી વિનુભાઈ જે. પટેલ, સહમંત્રી કનુભાઈ કે. પટેલ, આચાર્ય સુનિલભાઈ કે. પટેલ, સુપરવાઈઝર વિનુભાઈ એમ. પટેલ તેમજ કારોબારી સભ્યો અને શાળા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લી જિલ્લા ખાનગી શાળા સંચાલક મંડળે આવેદનપત્ર આપ્યું

## ધો.૯ થી ૧૨ની શાળાઓ શરૂ કરવા મંજૂરી આપો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

અરવલ્લી જિલ્લા ખાનગી શાળા સંચાલક મંડળે ધો.૯ થી ૧૨ ની ખાનગી શાળાઓ જલ્દી શરૂ કરવા સોમવારે અરવલ્લી શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. ખાનગી શાળા સંચાલકો સરકાર દ્વારા શાળાઓ ન ખોલાતાં નારાજ હોવાનું જણાવ્યું છે. ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના આદેશ અનુસાર દરેક જિલ્લામાં શાળાઓ ખોલવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યાં છે. કોરોનાના કારણે સ્વનિર્ભર શાળાઓ છેલ્લા દોઢ વર્ષથી બંધ છે. ખાનગી શાળાના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવતું હતું. દોઢ વર્ષ દરમ્યાન ખાનગી શાળા સંચાલકોને ફી ની મોટી આવક થઈ નથી તો પણ કર્મચારીઓને પગાર ચૂકવ્યા હતા.

રાજ્યમાં ટ્યુશન ક્લાસીસ ચાલુ કરવાની સરકારે છૂટ આપી પરંતુ ધો.૯ થી ૧૨ ની ખાનગી શાળાઓ ચાલુ કરવા માટે છૂટ ન અપાતાં રાજ્યના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળોમાં સરકારની આ પ્રકારની કાર્યરીતી સામે રોષ જોવા મળ્યો હતો. અરવલ્લી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે તાજેતરમાં બેઠક યોજી પોતાના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ ન આવે તો મોરચો માંડવાની જાહેરાત કરી હતી. રાજ્ય સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના નિર્દેષ પછી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ અતુલભાઈ પટેલ, મહામંત્રી મનિષભાઈ પટેલ તથા હોદેદારોએ બહુમાળી ભવનમાં જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપી ધો.૯ થી ૧૨ ની ખાનગી શાળાઓ શરૂ કરવા માંગ કરી છે.

**એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયેલ અહેવાલની અસર**

# હાશકારો ..!! : બહેરા - મૂંગા શાળામાં વીજતંત્રનો કાફલો ધસી આવ્યો, વીજ પુરવઠો બંધ કરી કામગીરી શરૂ કરાઈ

## વીજ તંત્ર સફાળુ જાગ્યું : શાળાના સંકુલમાં વૃક્ષો સાથે વીંટળાયેલા હાઇવોલ્ટેજ જીવંત વીજવાયરો દૂર કરાયા , સ્પ્રેસર પાઈપો લગાવવામાં આવશે : વીજતંત્ર દ્વારા વીજ પુરવઠો બંધ કરવામાં આવતા વિસ્તારના લોકો આકરી ગરમીમાં શેકાયા

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૯

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં ઈડર - હિંમતનગર બાઈપાસ રોડ ઉપર આવેલ શિશુ સેવા કલ્યાણ મંડળ દ્વારા સંચાલિત બહેરા મૂંગા શાળાના સંકુલમાં વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેજ જીવંત વીજ વાયરો થી અકસ્માત ની ભીતિ સેવાઈ રહી હોવાનો એકમાત્ર અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતા વીજ તંત્ર સફાળું જાગી ઊઠ્યું હતું અને વીજતંત્રના ડેપ્યુટી એન્જિનિયર દ્વારા ગણતરીના કલાકોમાં જ સ્થળ મુલાકાત લેવામાં આવી હતી અને વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેજ વીજ વાયરો દૂર કરવાની સૂચના આપવામાં આવી હતી

ગાંધીનગર સમાચાર પ્રસિદ્ધ થયેલા અહેવાલને પગલે વીજ પુરવઠો બંધ કરી બહેરા - મૂંગા શાળાના સંકુલમાં વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેજ જીવંત વીજ વાયરો દૂર કરવાની કામગીરી



વીજતંત્રની ટીમનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેજ જીવંત વીજ વાયરો દૂર કરવા માટે શરૂ કરવામાં આવી હતી તેમજ આગામી ચોમાસાની ઋતુમાં ભારે પવન ફૂંકાવાની સાથે વીજવાયરો ભેગા સ્પાર્ક ન થાય તેના માટે સ્પ્રેસર પાઈપ લગાવવાની પણ હોવાનું વીજતંત્રના કર્મચારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું વીજતંત્ર દ્વારા વૃક્ષો પર વીંટળાયેલા હાઈવોલ્ટેજ જીવંત વીજ વાયરો દૂર કરવા માટે વિસ્તારમાં વીજપુરવઠો બંધ કરવામાં આવતા લોકો આકરી ગરમીમાં શેકાયા હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે જોકે ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલોને પગલે તંત્ર સફાળું જાગી જતા વૃક્ષો ઉપર વીંટળાયેલા હાઈવોલ્ટેજ જીવંત વીજ વાયરોના સ્પાર્ક થવાથી આગ લાગવાની અથવા તો કોઈ મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતાઓની હવે નકારવામાં આવી રહી છે

# પ્રાંતિજના ભડાકિયા ગામમાં ભાજપ સંગઠન દ્વારા વૃક્ષારોપણ

પ્રાંતિજ તા.૧૯



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના ભડાકિયા ગામમા ભાજપ સંગઠન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજના પુનાદરા પાસે આવેલ ભડાકીયા ખાતે ભાજપ સંગઠન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, તાલુકા પ્રમુખ વર્ષાબા, જિલ્લા સદસ્ય રાજેન્દ્રસિંહ, જિલ્લા સદસ્ય એમ.ડી.રાઠોડ, ભાજપ કાર્યકરો આગેવાનો ગામજનો ઉપસ્થિત રહ્યા હતા અને આયુર્વેદિક વૃક્ષોનુ વૃક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

# પાલનપુરની ખાનગી ઓર્થોપેડિક હોસ્પિટલમાં દર્દીએ મચાવ્યો હોબાળો

પાલનપુર, તા. ૧૯

પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલ એક ખાનગી ઓર્થોપેડિક હોસ્પિટલમાં અમદાવાદના એક તબીબ દ્વારા પાલનપુરના દર્દીના પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. જોકે, આ ઓપરેશન બાદ દર્દીની પીડામાં કોઈ જ સુધારો કે રાહત ન થતા આ દર્દી દ્વારા અવાર નવાર હોસ્પિટલના તબીબને દુઃખાવા અંગે ફરિયાદ કરવામાં આવતી હતી. પરંતુ તબીબ દ્વારા દર્દીનું યોગ્ય નિદાન કરવામાં ન આવતા આખરે દર્દીએ તબીબની લાપરવાહીને લઈ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. જેને લઈ તબીબને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. ત્યારે દર્દીએ આત્મવિલોપન કરવાની ચીમકી આપતા પોલીસ દ્વારા આ દર્દીને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. પાલનપુરના સોનબાગ વિસ્તારમાં રહેતા જીતેન્દ્ર કુમાર અમરતલાલ મકવાણા નામના વ્યક્તિ ને સાત માસ અગાઉ પગના પીડા થતી હોય તેમને પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલ મોદી ઓર્થોપેડિક હોસ્પિટલમાં ડો.મિલન મોદી પાસે નિદાન કરાવતા આ તબીબે તેમના હોસ્પિટલમાં અમદાવાદના તબીબ ડો. મંથનલાલ સોની પાસે દૂરબીનથી ઓપરેશન કરાવવાની સલાહ આપતા આ દર્દીએ મોદી હોસ્પિટલમાં અમદાવાદ ના તબીબ પાસે દૂરબીન વડે થતું ઓપરેશન કરાવ્યું હતું. જોકે, ઓપરેશન બાદ દર્દીને કોઈ રાહત ન થતાં તેને અવાર નવાર ડો. મીલન મોદીને ફરિયાદ કરી હતી. તેમ છતાં ડોકટર દ્વારા દર્દીની કોઈ નક્કર ઈલાજ કે સારવાર કરવામાં ન આવતા દર્દીની પીડામાં વધારો થઈ રહ્યો હોઈ આ દર્દી શનિવારે હોસ્પિટલમાં ડોક્ટર ની લાપરવાહી બદલ હોબાળો મચાવ્યો હતો. અને તેનું સચોટ નિદાન કે સારવાર કરવામાં નહિ આવે તો હોસ્પિટલ આગળ આત્મવિલોપન કરવાની ચીમકી આપતા તબીબે પોલીસને ફોન કરતા પોલીસ દોડી આવી હતી અને હંગામો કરનાર દર્દીને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો.




# પાલનપુરમાં એક વર્ષ લોકાર્પણ કરાયેલ પે-પાર્કિંગ શોભાના ગાંઠિયા સમાન બન્યું

## દોઢ કરોડના માતબર ખર્ચે નિર્માણ કરાયેલ પાર્કિંગ બિલ્ડીંગ એક વર્ષથી બિન ઉપયોગી બન્યું : પાર્કિંગ બિલ્ડીંગમાં જવાનો રસ્તો સાંકડો હોઈ કોઈ ટેન્ડર ભરવા તૈયાર નથી

પાલનપુર, તા. ૧૯


પાલનપુર નગરપાલિકા ની ગત ટર્મમાં શહેરમાં જટીલ બનેલી ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે પાવરહાઉસ માંથી પંચરત્નમાં જતા માર્ગ પર દોઢ કરોડના માતબર ખર્ચે પે-પાર્કિંગ બિલ્ડીંગનું નિર્માણ કરવા માં આવ્યું હતું અને તેના ઉપયોગ માટે બે વાર ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ કોઈ ટેન્ડર ન ભરતા આ પાર્કિંગ બિલ્ડીંગ છેલ્લા એક વર્ષ થી શોભા ના ગાંઠિયા સમાન ઉભું છે.



બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા પર નિયંત્રણ લાવવા માટે નગરપાલિકા દ્વારા અમૃતમ યોજના હેઠળ એક વર્ષ અગાઉ પંચરત્નની પાછળ અને કે.મા ચોકસી સ્કૂલને અડીને આવેલી જગ્યામાં દોઢ કરોડના ખર્ચે પે- પાર્કિંગ બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને પાલિકાની અગાઉની ટર્મ ના શાસકો દ્વારા આ પાર્કિંગ બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું હતું અને અહીંયા કોન્ટ્રાકટ પર પાર્કિંગ શરૂ કરવા બબ્બે વાર ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ આ પાર્કિંગ બિલ્ડીંગ જાહેર રોડથી અંદરના વિસ્તારમાં હોય તેમજ ત્યાં આવવા જવાનો માર્ગ સાંકડો હોઈ મોટા વાહનો અહીં આવી શકે તેમ ન હોઈ આ પાર્કિંગનું ટેન્ડર ભરવા કોઈ તૈયાર ન થતા આ નવનિર્મિત પાર્કિંગ બિલ્ડીંગ હાલ શોભાના ગાંઠિયા સમાન બનવા પામ્યું છે ત્યારે ફરી નગરપાલિકા દ્વારા ત્રીજી વાર પાર્કિંગ માટે ટેન્ડર બહાર પાડવાની પ્રકિયા હાથ ધરવામાં આવી છે

# જન્મદિને વધામણી


અનાયા નિમેષકુમાર ભાટીયા
બાયડ, જિ.અરવલ્લી


રેયાંશ હાર્દિકકુમાર પટેલ
બાયડ, જિ.અરવલ્લી


શ્લોક રમેશભાઈ પ્રજાપતિ
બાયડ, જિ.અરવલ્લી


સંજયભાઈ એન. શાહ
(૨૪, યમુનાકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


નટવરભાઈ પટેલ
(સિવાલિક ગ્રીન્સ)
બાયડ, જિ.અરવલ્લી


આશિકભાઈ કે. મનસૂરી
(પ્રા. શિક્ષક)
ભાવસાર ફળી,
બાયડ, જિ.અરવલ્લી


એડવોકેટ પરેશ પટેલ(નોટરી)
ઉભરાણ, તા.માલપુર


ભૂપેન્દ્રસિંહ વી. રહેવર
વાંટડા(દાવલી)


અનિલ એચ. પટેલ
ચોરીવાડ, તા.ઈડર


નિમેષભાઈ શાહ
(યમુના પ્રિન્ટીંગ પ્રેસ)
(સ્વામિનારાયણ સોસાયટી)


ડૉ.પ્રફુલ વાસાણી
મોડાસા, જિ.અરવલ્લી




# નાસિકનો ૩૦ વર્ષનો વિકલાંગ સાઈકલ ચાલક યુવાન ભારત પરિક્રમા માટે નિકળ્યો છે




પ્રાંતિજ તા.૧૯

નાસિક ત્રંયબકેશ્વર થી ભારત પરિક્રમા એ નિકળેલ ૩૦ વર્ષ નો વિકલાંગ સાઈકલ ચાલક યુવાન સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવ્યો હતો અને પ્રાંતિજ થી અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે જવા રવાના થયો.

નાસિક ત્રંયબકેશ્વર થી ભારત પરિક્રમા માટે નિકળેલ ૩૦ વર્ષનો વિકલાંગ સાઈકલ ચાલક સચીન રંગનાથ શેંડગે નાસિક ત્રંયબકેશ્વર થી હિમાચલ પ્રદેશ, દિલ્હી, જયપુર, ઉદેપુર, રાજસ્થાન થઈ ગુજરાતના સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવ્યો હતો તો આ વિકલાંગ સાઈકલ ચાલક ૩૦ એપ્રિલના રોજ નાસિક ત્રંયબકેશ્વર થી ભારત પરિક્રમા ને લઈને પોતાના ઘરેથી સાઈકલ લઈને નિકળ્યો હતો અને પ્રાંતિજ ખાતે આવી પોહચ્યો હતો અને પ્રાંતિજથી અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે જવા રવાના થયો હતો.